# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મારે ગૂલાંટો એ આરોપોમાં ખોટાં ફીફાં ફોલે છે,
ડોલે હવાની સાથે એ સત્તાને નમતું તોલે છે,
પોલંપોલે છોલે કાયદા, ખોલે કદી બાંધી મુઠ્ઠી -
'મોહન' મૂકી હવે પોપટ 'જયશ્રી રામ' બોલે છે.
(સીબીઆઇ પોપટની પલ્ટી)

## હાઇકુ

મળશે છૂટ!
નાગરિકોને માત્ર -
શ્વાસ લેવાની!!
(વાઇબ્રંટ મનાઇ હુકમો)

મોદી ગંગામાં,
સ્નાન કરી, અમિત -
થયા પવિત્ર..
(ક્લીન ચીટ!!)

## ચિંતન

**નોપ ભોગ પરાનર્થાન્ કો અપિ સંચિનુતે વિરમ્ । આખવઃ કિમ લંકારાનાત્મન્યા હત્ય કુર્વતે ॥**

જે વસ્તુ ભોગવવા માટેની છે - અર્થાત જેનો ઉપભોગ જ કરવાનો છે એવી વસ્તુને કોઇ પણ માણસ વધારે વખત સંગ્રહી ન શકે - તેને ભોગવી વાપરી નાખવી જ પડે (ક્યાંતો તો બગડી જાય કે નાશ પામે - નકામી થઇ જાય.)

દા.ત. ઉંદર પોતાના દરમાં સુવર્ણનું આભૂષણ લઇ જાય પછી ન તો તેને કોતરી-ખોતરી શકે કે ન ખાવાના કામમાં આવે - માત્ર સંગ્રહ કરી રાખી - અંતે તો તે કાઢી નાખવી જ પડે છે.

અનાજ-ધન-આભૂષણ આપણે સંગ્રહ કરીએ છીએ પરંતુ ખરેખર તો એ ભોગવાની જ બાબતો છે જો એનો ભોગવીને સદુપયોગ કરવામાં ન આવે તો એ નકામી થઇ જાય છે.

જે વસ્તુ ભોગવવાની જ છે તેનો સમયસર-સમજપૂર્વક-સંયમિત રીતે ઉપયોગ કરી લેવો જોઇએ. કેટલાંક લોકો સદાય 'નકાર' - 'નનૈયા'માં રહી જીવનનો યોગ્ય સમયે સદુપયોગ કરી શકતા નથી પછી શરીર અને સમય બંને બગડી જાય છે, જાતે જ ફેંકાઇ જાય છે.

## સુવિચાર

- આજ કે જમાને મેં વોહી 'ઇમાનદાર' હૈ,
  જીન્હે બેઇમાની કા મૌકા નહીં મીલા - **રજનીશ**
- ભીતરમાંથી માંહ્યલો (પરમેશ્વર) સતત માર્ગદર્શન આપતો રહે છે એનાથી વધુ એ કાંઇ નથી કરતો - **સંત ઓગસ્ટીન**
- અંતર્મુખતા જ સાચા શિક્ષણની શરૂઆત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'દાન' ધર્મની પૂર્ણતા છે, ધર્મનો શ્રૃંગાર છે - **મોરારી બાપુ**
- સત્ય અને અસત્યની ટક્કર પથ્થર અને માટીના ઘડાની ટક્કર જેવી છે.. પથ્થર પર માટીનો ઘડો પડે તો તે ફૂટી જાય છે અને પથ્થર ઘડા પર પડે તો પણ ઘડો જ ફૂટી જાય છે - **ખલીલ જીબ્રાન**
- જયારે ફરજિયાત અપનાવવું પડે તે પહેલા જ પરિવર્તન આણવું જોઇએ, આપણી પ્રકૃતિ છે કે આપણે સહન કરવાની હદ સુધી સહન કરીએ છીએ પછી જ પરિવર્તનનો સ્વીકાર કરીએ છીએ - **ફાધર વાલેસ**
- જો તમે સફળતા ઇચ્છતા હોવ તો ધીરજને પરમ મિત્ર, અનુભવને બુદ્ધિમાન સલાહકાર, સાવધાનીને મોટો ભાઇ, અને આશાને તમારો સંરક્ષક બનાવી દો - **ઝેન કથન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે હંમેશાં બીજાના દોષ જ દેખાતા હોય છે. આ આમ નથી કરતી/કરતો તેમ નથી કરતો. આમ જ કરવું જોઇએ - વગેરે, લોકોની વર્તણૂક-ટેવો-સ્વભાવ-બોલવાની આદત-બેદરકારી વિશે એમની પાસે ભાષણના ભંડાર ભર્યા હોય છે, ખોરાક-રસ્તા-પાણી-લાઇટ તો તેમની રોજીંદી સામગ્રી છે, આ બાબતે માત્ર એટલું જ વિચારવું આ બધાથી બચવા 'તેં' શું કર્યું? આ બધામાં શું તારો ફાળો કંઇ જ નથી?

ભગવાન બુદ્ધની સત્સંગસભા ચાલુ હતી. એક શિષ્યનો સ્વભાવ પણ ઉપર કહ્યું તેવો 'ફરિયાદી' હતો. આશ્રમનાં અશિસ્ત-શિષ્યો વગેરેની નામ લીધા વિના ફરિયાદ કરતો. આજે પણ એવી એક ફરિયાદ કરી. પાણીના નળ પાસે બહુ ગંદકી થાય છે. આશ્રમવાસીઓ ક્યારે સુધરશે? મારું મન આ બધું જોઇ ખૂબ જ અશાંત થઇ જાય છે!!

ભગવાન બુદ્ધે તેને પાસે બેસાડી પીઠ પર હાથ ફેરવી કહ્યું, 'જો ભાઇ, સમૂહમાં લોકમાનસ આવું જ હોય, સૌનું તે કોઇનું નહીં. તારે શાંતિ જોઇતી હોય તો તારામાં જ પરિવર્તન કરવું પડશે. બીજાને બદલવા કરતાં જાતે બદલવું. 'આ આમ નથી કરતો' કહેવા કરતાં જાતે જે થાય કરવું - 'રસ્તા ગંદા છે' કહેવાં કરતાં ચંપલ પહેરી લેવી - કે જેટલો થાય એટલો જાતે જ રસ્તો સાફ કરવો.'

Email - sureshchandrabhatt18@gmail.com

# વૈજ્ઞાનિકોએ મંગળ ગ્રહ ઉપર કયો પદાર્થ હોવાનું તારણ કાઢ્યું છે?

## મહત્ત્વની ઘટનાઓ

(૧) બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કયાંથી કરવામાં આવ્યું?
(અ) પોખરણ - રાજસ્થાન (બ) ઈસરો - અમદાવાદ
(ક) ટ્રોમ્બે - મહારાષ્ટ્ર (ડ) શ્રીહરિકોટા - તમિલનાડુ

(૨) હાલમાં બાળકોમાં બેકટેરીયાથી વધુ પ્રસરતો રોગ કયો છે?
(અ) ડાયરીયા (બ) હેન્ડ, ફૂટ અને માઉથ ડીસીઝ
(ક) કોલેરા (ડ) પ્લેગ

(૩) તાજેતરમાં મંગળ ઉપર મોકલવામાં આવેલ મંગળયાન કયા વાયુ વિશે વધુ માહિતી મોકલશે?
(અ) ઓક્સિજન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) હાઈડ્રોજન (ડ) મિથેન

(૪) વૈજ્ઞાનિકોએ મંગળ ગ્રહ ઉપર કયો પદાર્થ હોવાનું તારણ કાઢ્યું છે?
(અ) અબરખ (બ) સ્ટંગસ્ટન
(ક) ગ્રેફાઈટ (ડ) આરસપહાણ

(૫) તાજેતરમાં કયા ધર્મના લોકોને લઘુમતી તરીકે જાહેર કરવામાં આવ્યા?
(અ) પારસી (બ) ખ્રિસ્તી
(ક) જૈન (ડ) મુસ્લિમ

(૬) જેની સુવર્ણજયંતિ ઉજવાઈ એવા ભાખરા નાંગલ બંધ સાથે સંકળાયેલ સરોવરનું નામ શું છે?
(અ) કૃષ્ણ સાગર (બ) ગોવિંદ સાગર
(ક) અર્જુન સાગર (ડ) સતલજ સાગર

(૭) રસોઈમાં લોકપ્રિય બનેલ કઈ મહિલાનું તાજેતરમાં અવસાન થયું?
(અ) વિમલા શાહ (બ) તરલા દલાલ
(ક) પ્રિયંકા દેસાઈ (ડ) રૂપા મહેતા

(૮) બારમી એશિયન બિલિયર્ડ ચેમ્પિયનશીપમાં અમદાવાદના કયા માસ્ટરે ચેમ્પિયન બનવાનું ગૌરવ મેળવ્યું?
(અ) પંકજ અડવાણી (બ) રૂપેશ શાહ
(ક) ધર્મેશ દવે (ડ) આનંદ મહેતા

(૯) પાકિસ્તાનના કયા ખેલાજી પર આજીવન ક્રિકેટ રમવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો?
(અ) મિસ્બાહ ઉલ હક્ક (બ) દાનિસ કનેરીયા
(ક) વકાર યુનુસ (ડ) મોહંમદ યુસુફ

(૧૦) દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુ ડૉ. સૈયદના મોહંમદ બુરહાનુદ્દીનનું અવસાન કયારે થયું?
(અ) ૧૦ જાન્યુ. ૨૦૧૪ (બ) ૧૮ જાન્યુ. ૨૦૧૪
(ક) ૨૮. ફેબ્રુ. ૨૦૧૪ (ડ) ૨૩ માર્ચ, ૨૦૧૪

(૧૧) સચિન તેંડુલકરે તેની નિવૃત્તિ છેલ્લી ટેસ્ટ કયા મેદાનમાં રમીને લીધી?
(અ) કોલકાત્તા - ઈડન ગાર્ડન (બ) અમદાવાદ - મોટેરા સ્ટેડિયમ
(ક) જયપુર - સવાઈ માનસિંહ (ડ) મુંબઈ - વાનખેડે

(૧૨) ગુજરાતના કયા ખ્યાતનામ સાહિત્યકારનું ૯૬ વર્ષની વયે અવસાન થયું?
(અ) મણીલાલ નાથુભાઈ (બ) ડૉ. ધીરુભાઈ ઠાકર
(ક) ડૉ. રમણલાલ અંતાણી (ડ) ડૉ. વેણુભાઈ પુરોહિત

(૧૩) શૂટર રંજન સોઢીને ભારત સરકાર દ્વારા કયો એવોર્ડ આપવામાં આવ્યો?
(અ) રાજીવ ગાંધી ખેલરત્ન (બ) અર્જુન એવોર્ડ
(ક) પદ્મશ્રી (ડ) પદ્મવિભૂષણ

(૧૪) ભારત તરફથી ઓછા દડામાં વન-ડે સદી ફટકારવાનો રેકોર્ડ કયો ખેલાડી ધરાવે છે?
(અ) સચિન તેંડુલકર (બ) વિરેન્દ્ર સહેવાગ
(ક) શિખર ધવન (ડ) વિરાટ કોહલી

(૧૫) સૌથી નાનું એફ.એમ. ટ્રાન્સમીટર કયા દેશે બનાવ્યું છે?
(અ) જાપાન (બ) ચીન
(ક) દ.કોરિયા (ડ) અમેરિકા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨ જાન્યુ. ૧૯૪૧ ડોનાલ્ડ બી. કેક - અમેરીકન ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિક, ઓપ્લીટકલ ફાઈબર ઉપર વિશેષ સંશોધન કરનાર
- ૨ જાન્યુ. ૧૯૪૧ ઈસાક ઈસોમોવ - અમેરીકન બાયોકેમીસ્ટ જાણીતા સાયન્સ ફીકેશન બુકસના લેખક
- ૩ જાન્યુ. ૧૯૦૬ વિલિયમ વિલ્શન માર્ગન - અમેરીકન એસ્ટ્રોનોમર, મિલ્કી વે ગેલેક્સી સ્પાયરલ છે તેવું સાબિત કરનાર
- ૩ જાન્યુ. ૧૮૬૮ ફ્રેન્ઝ કમોન્ટ, બેલ્જિયમના આર્કોલોજીસ્ટ, રોમન સંસ્કૃતિ પર સંશોધન કરનાર, મૃત્યુ - ૨૫ ઓગસ્ટ-૧૯૪૭
- ૪ જાન્યુ. ૧૯૪૦ બ્રેઇન ડી. જોસેફસન - વેલ્સના ભૌતિકશાસ્ત્રી, ઈલેકટ્રીકલ કરંટને લગતી 'જોસેફસન ઈફેક્ટ' આપનાર વૈજ્ઞાનિક
- ૪ જાન્યુ. ૧૯૧૫ મેરી લૂઈસ વોવ ફ્રોન્ઝ - જર્મન - સ્વીસ સાયકોલોજીસ્ટ, મૃત્યુ ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૮

## ખજાનો



- ડૉ. અનિલ પટેલ

anilbhaikpatel@gmail.com

- ૫ જાન્યુ. ૧૯૧૪ એરોન બન્ની લેપીન - અમેરીકન ઈન્વેન્ટર, 'સ્પ્રે કેન'ના શોધક, મૃત્યુ- જુલાઈ ૧૯૯૯
- ૫ જાન્યુ. ૧૯૦૯ સ્ટેફન કોલ કલીન - અમેરીકન મેથેમેટીશીયન મૃત્યુ, ૨૮ જાન્યુ. ૨૦૧૪
- ૬ જાન્યુ. ૧૯૪૪ રોલ્ફ એમ. ઝિન્કરલગન - સ્વીસ ઈમ્યુનોલોજીસ્ટ, ૧૯૯૬માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- ૬ જાન્યુ. ૧૯૦૬ જયોર્જ લીડયાર્ડ સ્ટેબીન્સ - અમેરીકન જીનેસ્ટીસ, અને બાયોલોજીસ્ટ
- ૭ જાન્યુ. ૧૯૪૧ જહોન ઈ વોલ્કર - બ્રિટીસ કેમીસ્ટ, 'હાઈ એનર્જી' કમ્પાઉન્ડની સોધ બદલ ૧૯૯૭માં નોબેલ પ્રાઈઝ મળ્યું
- ૭ જાન્યુ. ૧૯૨૫ ગેરાલ્ડ મેલકોલમ ડરેલ - બ્રિટનના પર્યાવરણ શાસ્ત્રી - લુપ્ત થતી જાતિઓના રક્ષણ માટે કાર્ય કરનાર
- ૮ જાન્યુ. ૧૯૪૨ સ્ટીફન હોકીન્સ - ઈંગ્લીશ ભૌતિક વિજ્ઞાની, કોસ્મોલોજી અને ક્વૉન્ટમ ગ્રેવીટી પર સંશોધન કરનાર
- ૮ જાન્યુ. ૧૯૨૩ જોસેફ વેઈનઝબર્ગ - જર્મન એન્જીનીયર અને કોમ્પ્યુટર સાયન્ટીસ્ટ.

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - મદનમોહન માલવીયાએ કઇ સંસ્થાની સ્થાપના કરી હતી?**

**જવાબ - બનારસ હિન્દુ યુનિવર્સિટી**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) જયેન્દ્ર એન. પાઠક : સે-૬
(૬) મુળુભા જે. મકવાણા : સે-૮
(૭) વિનોદકુમાર એન. રાવત ઋ સે-૮
(૮) પ્રકાશભાઈ પ્રજાપતિ : સે-૨
(૯) ડૉ. અનીલ પટેલ : સે-૨

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**મુફતી મહંમદ સૈયદને કાશ્મીરમાં કઇ પોલિટીકલ પાર્ટીની રચના કરી?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ડ (૪) ક (૫) ક (૬) બ (૭) બ (૮) બ (૯) બ (૧૦) બ (૧૧) ડ (૧૨) બ (૧૩) અ (૧૪) ડ (૧૫) ડ

# આ અધ્યાપકને ઇશ્વરે અષાઢી અવાજની આગવી ભેટ આપી છે, સભા કે સમારંભના સંચાલનમાં અસરકારક રજૂઆત એ એમનો આગવો કલાકસબ છે

મિત્ર, મિત્રની સમૃદ્ધિ વધારતા હોય છે. આવી પ્રતીતિ મને રાજકોટ મારા નિવાસની બાજુમાં નિવાસમાં રહેતાં પંજાબ-સિંધ બેંકના કર્મચારી હાલ (મેનેજર, ભોપાલ) દીપકભાઇ શર્માથી મળ્યા મિત્ર, પ્રાધ્યાપક, ઉદ્‌ઘોષક, વક્તા પ્રા. અશ્વિનભાઇ આણદાણી.

'સભા સંચાલન અને વકતૃત્વકળા' પુસ્તકની તેમના લેખન અને સંકલનમાં તૈયાર થયેલી બીજી આવૃત્તિ મને તેમણે યાદ કરીને મને સમયસર મોકલી આપી હતી. એમની ઓળખ આ પ્રકારની છે. પ્રા. અશ્વિનભાઇ મનસુખાણી આણદાણી - તા. ૧૯-૦૩-૧૯૬૭ ના રોજ જુનાગઢ જીલ્લાના ઉના તાલુકાના ઝુડવડલી ગામે જન્મેલા આણદાણીનું વતન ઇંટવાયા છે.

૧૯૮૨માં એસ.એસ.સી., ૧૯૮૫માં એચ.એસ.સી. ૧૯૮૯માં સેંટ ઝેવિયર્સ કોલેજમાં બીએ, ૧૯૯૧માં ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિ.માં અભ્યાસ કર્યો છે. પ્રા. ડો. સતીશ વ્યાસના માર્ગદર્શન હેઠળ 'માધવ રામાનુજની કવિતા' વિશે લઘુશોધ નિબંધ (ડિઝર્ટેશન) તૈયાર કર્યો હતો. જીપીએસાઇ પ્રિલિમિનરી પરીક્ષા કલાસ ૧-૨ અને પીએસઆઇ. રીટર્ન ટેસ્ટ પાસ કર્યો છે.



**જેમને સૌ પ્રિય, તેઓ સૌના પ્રિય પ્રાધ્યાપક, સારા ઉદ્‌ઘોષક, વક્તા, પ્રા. અશ્વિન આણદાણી**

શૈક્ષણિક અનુભવથી સજજ પ્રો. આણદાણી સ્ટેનોગ્રાફર ટીચર પદે ઉપરાંત ધંધુકા કે.કે. આર્ટસ ધ કોમર્સ કોલેજ ખાતે ખંડસમયના ગુજરાતી વિષયના વ્યાખ્યાતા તરીકે ઉપરાંત આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડા ખાતે સેવા બજાવી હતી.

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ઉત્તરોત્તર કારકિર્દી ઉજ્જવળ બનાવી રહેલા પ્રા. અશ્વિન આણદાણી હાલ ડી.સી. એમ. કોલેજ વીરમગામ ખાતે ગુજરાતી વિભાગમાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે.

ગુજરાતી લોકસાહિત્યના વરિષ્ઠ લેખક અને સમીક્ષક જોરાવરસિંહ જાદવ વિષે સભા સંચાલન અને વકતૃત્વ કળાના પુસ્તકમાં પ્રા. આણદાણી માટે પ્રતિભાવ આપતા લખે છે : 'આ અધ્યાપકને ઇશ્વરે અષાઢી અવાજની આગવી ભેટ આપી છે. સભા કે સમારંભના સંચાલનમાં અસરકારક રજૂઆતએ એમનો આગવો કલાકસબ છે. કોઇ પણ વક્તા કે કલાકારને મંચ પર કેવી રીતે પ્રસ્તુત કરવા એ કલા તેમને વરેલી છે. શુદ્ધ ઉચ્ચારણો, સ્વરનો આરોહ અવરોહ અને હસમુખો ચહેરો એમની આગવી વિશેષણા છે.'

રેડિયો સાંભળવો, વાંચન, લેખન, પ્રવાસ, ઉદ્‌ઘોષણા, સ્ટેજ સંચાલન, સંગીત નાટક અને કવિતા લખવાનો અને સાંભળવાનો શોખ ધરાવતા આ સર્જક આકાશવાણી, દુરદર્શન ઉપર પણ વર્ષોથી દેખા દે છે. યુવવાણી, સાહિત્ય સરવાણી, ગ્રામજગત, નિરાંતે અને સરકારની વિવિધ યોજના, જન્મજયંતિના ઇન્ટરવ્યુ કાર્યક્રમોથી ઊભર્યા છે. કલ્ચરલ એક્ટિવીટી તેમને બહું જ પસંદ છે.

બહુમુખી પ્રતિભાના આ ધની સામયિકોમાં લખે અને કલમ પણ ચલાવે છે. સ્ટેટ લેવલ એન.એસ.એસ. બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર તરીકે પણ આણદાણી સન્માનિત થયાં છે. સભા સંચાલન કલા દ્વારા ગુજરાતના એન.એસ.એસ. વિદ્યાર્થીઓના 'કન્ટીજન્ટ લીડર તરીકે દિલ્હી ઉદ્‌ઘોષતા' ઉપરાંત મંચ સંચાલન કર્યું છે અને રાષ્ટ્રપતિ ભવન ખાતે અભિનંદન મેળવ્યો હતો.

એસ.એસ. વાય. ટીચર, ટ્રેચર અને લેખક શાંતિલાલ સાવલિયા પ્રા. આણદાણીના 'સભા સંચાલન' પુસ્તક માટે લખે છે : 'સ્ટેજ ફિઅર દૂર કરવા ઇચ્છતા આયોજક, સભા સંચાલક, ધર્મગુરુઓ, શિક્ષક, વિદ્યાર્થી, પત્રકાર, પ્રવર્તા, રાજકારણી, લિડર તેમજ દરેક શ્રોતાઓએ આ પુસ્તક વાંચવા - વસાવવા જેવું છે.'

પૂર્વ કેન્દ્રિય મંત્રી, અધ્યક્ષ ગૌસેવા અને ગોચર વિકાસ બોર્ડ - ગુજરાત ડો. વલ્લભભાઇ કથીરીયા સાહેબ લખે છે : પ્રા. અશ્વિનભાઇ આણદાણી લેખિત 'સભાસંચાલન' અને 'વક્તૃત્વકલા પુસ્તિકા પ્રવાસ દરમિયાન એક જ બેઠકે વાંચી ગયો. સરસ એમ કહેવાનું મન થાય. એવી સચોટ વ્યવહારુ, જ્ઞાનવર્ધક વાતો ખૂબ જ સરસ ભાષામાં આ લખવા બદલ અભિનંદન.'

મનસુખભાઇ અને ગોદાવરીબહેનના આ સપૂતના સહધર્મચારીણી કિન્નરી બહેન. અશ્વિન આણદાણીની વિકાસ યાત્રામાં ક્ષણે ક્ષણે જોડાયેલાં રહ્યા છે અને આજે પણ રહે છે. આ દંપતીના પ્રભુના વરદાન સમા સંતાનો વિશ્વા અને કથનની ઉજ્જવળ કારકિર્દી અર્થે વીરમગામ, સુરેન્દ્રનગર અને અમદાવાદનો ત્રિભેટો હસતા-હસતા રહ્યો છે.

ગુજરાત લોકસેવા ફાઉન્ડેશન, મેનેજીંગ ટ્રસ્ટી ભીમજી નાકરાણી, મ્યુ. કાઉન્સીલર ડો.સુરેશ પટેલ, ડો. નીતિનભાઇ પેઠાણી, વ. ની શુભકામનાઓ અશ્વિનભાઇને મળી છે. આપણે પણ તેમની વિકાસ યાત્રા માટે શુભેચ્છા પાઠવીએ. તેમનો મો. નં. ૯૮૨૫૯૭૭૮૯૦/૯૪૦૫૭૨૧૦૭૫ -

ઇમેલ : ashwin.anadani@gmail.com

# જમણા અને ડાબા હાથ વચ્ચે શો તફાવત?

મારા જમણા અને ડાબા બંને હાથનું બ્લડ ગ્રુપ એક જ છે. મારા જમણા હાથે ઇજા થાય કે ડાબા, બંને હાથમાં સરખી જ પીડા થાય છે. હું જમણા હાથે ૫૦૦ રૂપિયાની નોટ સ્વીકારું (કે આપું) અથવા ડાબે હાથે, બંને પરિસ્થિતિમાં ૫૦૦ રૂપિયાનું મૂલ્ય સમાન જ રહે છે. હું મારા જમણા હાથે હિંસા કરું કે ડાબા, બંને સંજોગોમાં પાપ તો મને જ લાગે છે. હું જમણા હાથે મીઠાઇ ખાઉં કે ડાબા હાથે, મીઠાઇના સ્વાદમાં કશો ફરક નથી પડતો. હું જમણા હાથે ઘડિયાળ બાંધુ કે ડાબા, ઘડિયાળ તો એ જ સમય બતાવે છે. મારા શરીરમાં ખંજવાળ આવે ત્યારે હું મારા જમણા હાથે ત્યાં ખંજવાળું કે ડાબા હાથે ખંજવાળું, મને સરખી જ રાહત મળે છે. બંને હાથમાં લંબાઇ, રંગ, આકાર સમાન છે. બંને હાથનાં પંજામાં એકસરખી આંગળીઓ છે.

તો પછી ભગવાનની મૂર્તિ-છબીની પૂજા કરવાની હોય ત્યારે શા માટે જમણા હાથે જ પૂજા કરવાનો આગ્રહ રાખવામાં આવે છે?

ડાબા હાથને બિચારાના પારકો, પાપી, ઓશિયાળો અને અપવિત્ર માનવાના ભ્રષ્ટ ખ્યાલો કોણે આપણા ચિત્તમાં ભરી દીધા છે? શુભ કાર્ય કરવાનો હક્ક માત્ર જમણા હાથને જ એવું કોણે નક્કી કરી નાખ્યું? દાન-પુણ્ય કે સેવા-પૂજા ડાબા હાથે કરીએ તો શું આસમાન ફાટી જાય? જે વ્યક્તિએ સૌપ્રથમ આ ભ્રાંતિ ફેલાવી કે ડાબો હાથ અપવિત્ર છે તેણે કેમ પોતાનો ડાબો હાથ (એટલે કે તેનો પાપી અને અપવિત્ર હાથ) કાપીને ફેંકી ન દીધો? ડાબા હાથની સેવા તો લેવી જ છે, પરંતુ એને બદનામ કરવો છે. ડાબા હાથ પાસેથી કામ તો કરાવવું જ છે, પણ એને હડધૂત કરીને.

આ સજ્જનનું કામ નથી. આ સમજુ માણસનું ચિંતન નથી. આ આધ્યાત્મિક માણસનું દર્શન નથી.

એ વાત અલગ છે કે વ્યક્તિને કયા હાથે કામ કરવાનું બધું માફક આવે છે. સંસારમાં ઘણા લોકોને જમણા હાથે જ કંઇ પણ કામ કરવાનું ફાવે છે, તો કેટલાકને ડાબા હાથે ફાવે છે. ખાવું-પીવું, કોઇ વસ્તુ પકડવી, કોઇ વજન ઊંચકવું, ફાઇટીંગ કરવી જેવા કામ માટે દરેક વ્યક્તિઓ પોતાના કોઇ એક હાથની ફાવટ હોય છે. જો તે તેની ફાવટવાળા હાથે કામ કરે તો જ કરી શકે, બીજા હાથે કામ કરવામાં તકલીફ પડે અને મજા પણ ન આવે.

## રોહિતોપદેશ

- રોહિત શાહ

મેં અનેક વખત માર્ક કર્યું છે કે બાળક મોટા ભાગે ડાબા હાથ વડે જ કામ કરવાનો પ્રારંભ કરે છે. તે કોઇ વસ્તુ પકડવા જશે કે જાતે કંઇક ખાવું હશે તો ડાબા હાથનો જ પ્રયત્ન કરશે. તેના હાથમાં પેન-પેન્સિલ કે ચોક આવશે તો જનરલી ડાબા હાથ વડે જ લખવાનો (એટલે કે લીટા કરવાનો) પ્રયાસ કરશે. એ વખતે આપણે તેને અટકાવીએ છીએ, સમજાવીએ છીએ કે બેટા, આ હાથે નહિ ખાવાનું, પેલા હાથે ખાવાનું; આ હાથે નહિ લખવાનું, પેલા હાથે લખવાનું, ધીરે ધીરે બાળક જમણા હાથે કાર્ય કરવા ટેવાઇ જાય છે અને ડાબા હાથ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ કેળવવા લાગે છે.

આપણે કારણ વગરની અને અર્થ વગરની ભ્રાંતિઓ તરફ શા માટે બાળકને વાળીએ છીએ? બાળક ક્યારેક સામો પ્રશ્ન કરે છે કે ડાબા હાથે કેમ નહિ ખાવાનું કે ડાબા હાથે કેમ નહિ લખવાનું? આપણે એનો પરફેક્ટ તાર્કિક જવાબ પણ આપી નથી શકતા.

બસ, પરંપરા છે. બધા એવું કહે છે અને કરે છે, વર્ષોથી એમ ચાલતું આવ્યું છે. કોઇ વળી દોઢડાહ્યા થઇને કહેશે કે શાસ્ત્રોમાં એવું લખ્યું છે. 'કયા શાસ્ત્રમાં લખ્યું છે?' આ પ્રશ્નનો જવાબ તેમની પાસે નથી હોતો. મારો એક બીજો પણ અનુભવ રહ્યો છે કે કોઇ માણસને ધાર્મિક અજ્ઞાન છુપાવવું હશે, પોતાની ભૂલ-ભ્રાંતિઓનો લૂલો બચાવ કરવો હશે ત્યારે તે શાસ્ત્રોનું નામ લેશે, શાસ્ત્રોની દુહાઇ આપશે. એ જ રીતે જેણે ધર્મના નામે જૂઠાણા ફેલાવવા છે, ખોટેખોટાં દંભી વિધાનોનો પ્રચાર કરવો છે તે લોકો પણ 'શાસ્ત્રોમાં આમ કહ્યું છે' અને 'શાસ્ત્રોમાં આમ કરવાનો નિષેધ છે' એવા ગપગોળા ગબડાવતા રહે છે. આપણે ત્યાં ધાર્મિક ક્ષેત્રની એ બલિહારી છે કે એમાં કશા પુરાવા આપવા નથી પડતા, કોઇ તાર્કિકતા અનિવાર્ય નથી. ઊલટાનું જેટલા ગળગોળા ઊંચા-નીચા ફેંકશો, ચમત્કારની અને પાયા વગરની વાતો કરશો એટલા તમે જ્ઞાની, પૂજ્ય, પુણ્યાત્મા કે મહાત્મા બની જશો. શાસ્ત્રોના નામે ફેલાયેલાં જૂઠાણાંની સાચી ભાળ મળે તો ઘણાં ગ્રંથોના અગ્નિસંસ્કાર કરી નાખવા પડે અને ઘણા ગુરુઓને જેલભેગા કરવા પડે!

પરંતુ આવું કશું આપણા દેશમાં કદીયે નથી થવાનું. માટે હે પાંખડીઓ, ડોન્ટ વરી, તમારા માટે તો અહીં પર્મનન્ટ છે - નો પ્રોબ્લેમ!